


અંક-૨
ખંડ-૧૦
ઓક્ટોબર ૨૦૧૬

કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

કૃષિ ઉદય...

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail:
director.aerc@gmail.com
website:
www.aercspu.ac.in

## કૃષિ બજાર માહિતી એસએમએસ (SMS) મારફતે...




સરકારે AGMARKET પોર્ટલ પરથી એસએમએસ મારફતે ખેડૂતોને બજારને લગતી માહિતીની જાણકારી મળી રહે તે માટે એક ચોક્કસ પદ્ધતિનું ઘડતર કર્યું છે. કૃષિ પેદાશોના બજારો (APMCs) પાસેથી પોર્ટલ પર રોજબરોજની માહિતી એકત્ર કરવામાં આવે છે. આ માહિતીને તેમની સ્થાનિક ભાષાઓમાં વસ્તુઓ અને બજાર પ્રમાણે એસએમએસ મારફતે ખેડૂતોને પહોંચાડવામાં આવે છે. m-kisan પોર્ટલ મારફતે AGMARKNET પોર્ટલ અને m-kisan પોર્ટલ ઉપર રજીસ્ટર થયેલ ખેડૂતોને એસએમએસ મારફતે આ સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

આ ઉપરાંત, AGMARKNET પોર્ટલ ઉપરથી એડવાન્સ પ્રોગ્રામીંગ ઈન્ટરફેસ (API મારફતે) જે અન્ય જાહેર અને ખાનગી સંસ્થાઓએ જે માહિતી મેળવી હોય તે SMS દ્વારા પૂરી પાડવામાં આવશે. IFFCO કિસાન સંચાર લિમિટેડ (IKSL) ધ્વનિ એસએમએસ મારફતે ખેડૂતોને બજાર માહિતી પૂરી પાડે છે. મીડિયા લેબ એશિયા ત્રણ રાજ્યો જેવા કે આંધ્ર પ્રદેશ, તેલંગણા અને મેઘાલયમાં તેમની સ્થાનિક ભાષાઓમાં એસએમએસ અને પૂછપરછથી બજાર માહિતી પૂરી પાડે છે. કર્ણાટક સ્ટેટ માર્કેટિંગ બોર્ડ દ્વારા પણ મરાઠા વાહિની દ્વારા સ્થાનિક ભાષામાં કૃષિ તેમના ખેડૂતોને બજાર માહિતી પૂરી પાડવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧૧૯૪ કરોડ કરતાં પણ વધુ સંદેશાઓ એમ કિસાન પોર્ટલ મારફતે સહભાગીઓ/રજીસ્ટર ખેડૂતોને મોકલવામાં આવ્યા છે.

## ઓગસ્ટ મહિનામાં વરસાદને કારણે ગુજરાતમાં ખરીફ પાક વાવણી વિસ્તારમાં વધારો......



ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં સારા ચોમાસાથી ખરીફ પાકની વાવણી સહેજ વધી છે. ગુજરાત કૃષિ વિભાગના આંકડા મુજબ, ૧૨ ઓગસ્ટ સુધીમાં, કુલ ખરીફ પાક હેઠળનો વાવણી વિસ્તાર ૭.૨૮ મિલિયન હેક્ટર જેટલો છે, જે તે જ સમયે ૨૦૧૫ માં ૭.૧૮ મિલિયન હેક્ટર હતો. આમ, તેમાં ૧.૪ ટકા જેટલો વધારો થયો છે.

માહિતી અનુસાર, કઠોળના વાવેતર વિસ્તારમાં ૫૬ ટકા વધારો થયો છે ગત વર્ષે ૩૮૨૪૦૦ હેક્ટર હતો તે આ વર્ષે વધીને ૫૯૮૬૦૦ હેક્ટર થવા પામેલ છે. આ વર્ષે મગફળીનો વાવેતર વિસ્તાર વધીને ૧.૬૧ મિલિયન હેક્ટર થયો છે કે જે ગત વર્ષે ૧.૨૮ મિલિયન હેક્ટર હતો. જો કે, કપાસ હેઠળનો વિસ્તાર ગયા વર્ષે ૨.૬૭ મિલિયન હેક્ટર હતો તેમાં ૧૩.૫ ટકા ઘટાડો થયો છે અને ૨.૩૧ મિલિયન હેક્ટર વાવેતર વિસ્તાર થયો છે. ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં પ્રથમ સપ્તાહમાં મધ્યમથી ભારે વરસાદ થયો છે. જે કપાસ, મગફળી, ડાંગર, તુવેર અને અન્ય ખરીફ પાક માટે જરૂરી હતો. ખેડૂતોના જણાવ્યા અનુસાર, જો રાજ્યમાં વરસાદ ન થયો હોત તો પરિસ્થિતિ જટિલ બની શકી હોત.

## ચાવીરૂપ કૃષિ ઉત્પાદનોની નિકાસ જુલાઈમાં નકારાત્મક સ્વરૂપમાં...



ચા, તમાકુ અને કાજુ સહિત આઠ મુખ્ય કૃષિ ઉત્પાદનોની નિકાસો મુખ્યત્વે વૈશ્વિક કોમોડિટી બજારમાં ભાવમાં ઘટાડો થવાના કારણે જુલાઈ મહિનામાં નકારાત્મક વૃદ્ધિદર નોંધાવ્યો છે. અન્ય અનાજ, ખાદ્યતેલ, માંસ, ડેરી અને મરઘાં ઉત્પાદનો, ફળો અને શાકભાજીએ પણ આ મહિના દરમિયાન નકારાત્મક વૃદ્ધિ નોંધાવી છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા જેમની દેખરેખ રાખવામાં આવે છે તેમાં કુલ ૧૩ મુખ્ય કૃષિ ઉત્પાદનોમાંથી ૮ કૃષિ ઉત્પાદનો નકારાત્મક ઝોનમાં હતા.

વાણિજ્ય મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર જુલાઈ મહિનામાં ચા, તમાકુ અને કાજુની નિકાસમાં અનુક્રમે ૯.૭૨ ટકા ઘટાડો થતાં તે $ ૪૦૭ મિલિયન, ૦.૩૬ ટકા ઘટાડો થતાં તે $ ૪૧૬ મિલિયન અને ૧૮.૨૧ ટકા ઘટાડો થતાં તે $ ૩૮૨ મિલિયન થયો હતો. અન્ય ઉત્પાદનો કે જેમણે નકારાત્મક વૃદ્ધિ નોંધાવી છે તેમાં અન્ય અનાજ (૧૪.૩%), ખાદ્યતેલ (૨૨.૬૮%), માંસ, ડેરી અને મરઘાં ઉત્પાદનો (૪.૨૮%)નો સમાવેશ થાય છે. જુલાઈમાં આ નિકાસમાં થયેલ

ઘટાડો એ ભારતની એકંદર નિકાસની ધીમી વૃદ્ધિ માટે એક મુખ્ય પરિબળ છે. ભારતની નિકાસ વૃદ્ધિ દરમાં $ ૨૧.૬૮ અબજ સાથે છેલ્લા મહિનામાં ૬.૮૪% જેટલો ઘટાડો થયો છે. કૃષિ ઉત્પાદનનો દેશની કુલ નિકાસમાં ૧૦% જેટલો હિસ્સો ધરાવે છે. વાણિજ્ય મંત્રાલયે કૃષિ નિકાસ વધારવા માટે નિકાસકારોને નવા બજારોમાં અને મૂલ્ય વર્ધિત ઉત્પાદનોની નિકાસમાં અન્વેષણ કરવા જણાવેલ છે. કોફી (૩.૭૭%), ચોખા (૬.૨૭%), મસાલા (૧૨.૧૮%), અને તેલિબિંયામાં (૨૧.૭૯%) ગયા મહિને હકારાત્મક ગતિએ વધારો થયો હતો.

### બાળ પોષણમાં સુધારો કરવા એનડીડીબી દ્વારા ગીફ્ટ મીલ્ક યોજનાનું અમલીકરણ...

રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડની ફરજો અને કાર્યો ડેરી અને અન્ય કૃષિ આધારિત અને આનુષાંગિક ઉધોગોના વિકાસ માટે રાષ્ટ્ર વ્યાપી સ્તરે કાર્યક્રમોનું આયોજન કરવાનું તેમજ આવા કાર્યક્રમોને પ્રોત્સાહનો પૂરા પાડવાનું અને તે માટે સહાયતા પૂરી પાડવાનું છે. રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડની સહાયકારીએ સંસ્થાઓમાં કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલીટી ભંડોળ અને અન્ય સ્વૈચ્છિક દાનનો ઉપયોગ કરીને દૂધ/દૂધની બનાવટો મારફતે(ખાસ કરીને બાળકો માટે) સરકારે એક સંસ્થા ઉભી કરવાની દરખાસ્તને મંજૂરી આપી દીધી છે. તદ્નુસાર રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડે, 'એનડીડીબી ફાઉન્ડેશન ફોર ન્યુટ્રીશીયન' (NFN) નામનું ટ્રસ્ટ રજીસ્ટર કરાવ્યુ છે અને તેના મારફતે બાળકોની તંદુરસ્તી સુધારવા તેમની દૂધ અને દૂધની બનાવટો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવશે. જેને ગીફ્ટ મીલ્ક (દૂધની ભેટ ) તરીકે ઓળખવામાં આવશે.

NFN હાલમાં ૩ શાળાઓ, દિલ્હીમાં ૨ અને તેલંગાણામાં ૧ શાળાઓ કે જેમાં કુલ ૩૧૦૦ વિદ્યાર્થીઓની નોંધણી થયેલ છે તેમાં દૂધની ભેટનું અમલીકરણ કરી રહી છે. અત્યાર સુધી સુગંધિત દૂધના ૧,૨૦,૦૦૦ પેકેટો વિતરણ કરવામાં આવ્યા છે. હાલમાં એનડીડીબીની પેટાકંપનીઓ કે જેઓએ તેમના સીએસઆરમાંથી ફાળો આપ્યો છે તેઓ દૂધની ભેટને સ્પોન્સર કરે છે. એનડીડીબી સહકારી ડેરીને જરૂરી નાણાંકીય અને ટેકનિકલ સહાય આપે છે. દેશમાં દૂધ ઉત્પાદન વધારવા માટે એનડીડીબીએ, નેશનલ ડેરી પ્લાન ફેઝ -૧ (એનડીપી-૧) કે જે કૃષિ મંત્રાલય, ભારત સરકારની એક કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે તેને અમલમાં મૂકી છે.

### કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૫-૧૬માં કૃષિ બજાર માળખાકીય સુવિધા માટે રૂ. ૬૭૫.૮૬ કરોડ ની ફાળવણી...

સરકાર કૃષિ બજાર માટે મૂડી રોકાણ સબસિડી પેટા યોજના કૃષિ માર્કેટિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર (અમી) અમલમાં લાવી રહી છે. ભૂતપૂર્વ બે યોજનાઓ જેવી કે (૧) ગ્રામીણ ભંડારણ યોજના (GBY) કે જે ગ્રામીણ ગોડાઉન યોજના તરીકે ઓળખાય છે; અને (૨) કૃષિ બજાર માળખાકીય સુવિધાના વિકાસ કરવા માટે તથા તેને મજબૂત બનાવવા માટેની યોજનાને ભેગી કરીને કૃષિ બજાર માળખાકીય સુવિધા (અમી) તા. ૦૧.૦૪.૨૦૧૪ થી અમલમાં મૂકવામાં આવી છે.

આ યોજના હેઠળ સામાન્ય શ્રેણીના લાભાર્થીને મૂડીખર્ચના ૨૫ ટકાના દરે અને ખાસ શ્રેણીના લાભાર્થી માટે મૂડી ખર્ચના ૩૩.૩૩% ના દરે વૈજ્ઞાનિક ગોડાઉનો અને અન્ય બજારલક્ષી માળખાકીય સુવિધા ઉભી કરવા માટે સબસિડી પૂરી પાડવામાં આવે છે. જો કે, નવીનીકરણ માટેની સહાય માત્ર સહકારી સંગ્રહના પ્રોજેક્ટ્સ પૂરતી મર્યાદિત રાખવામાં આવી છે. હાલમાં, અમી યોજના ભંડોળના અભાવને કારણે સામાન્ય



શ્રેણીના લાભાર્થી માટે તા.૦૫-૦૮-૨૦૧૪ થી હંગામી સમય માટે બંધ છે. જો કે, આ યોજના એસસી/એસટી શ્રેણીના લાભાર્થી અને ઉત્તર-પૂર્વીય પ્રાંતના લાભાર્થી માટે ચાલુ છે. આ યોજના હેઠળ રાજ્ય પ્રમાણે ભંડોળની ફાળવણી કરવામાં આવી નથી. ભંડોળની ફાળવણી ચોક્કસ રાજ્ય માટે જે યોજના હેઠળ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા હોય તેને ધ્યાનમાં રાખીને કરાશે.

આ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ભંડોળ અને ભંડોળના ઉપયોગ અંગેની વિગતો નીચે પ્રમાણે છે:

રૂ. કરોડમાં

| વર્ષ | યોજનાનું નામ | ભંડોળની ફાળવણી | ભંડોળનો ઉપયોગ |
|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | GBY | ૩૪૪.૧૬ | ૩૪૪.૧૦ |
| ૨૦૧૪-૧૫ | AMI | ૯૨૬.૭૧ | ૮૭૮.૧૮ |
| ૨૦૧૫-૧૬ | AMI | ૬૭૫.૮૬ | ૫૧૮.૮૧ |

સમગ્ર દેશમાં અમી યોજના (સંગ્રહ ઘટક) (ભૂતપૂવ GBY) હેઠળ, ૩૦.૦૬.૨૦૧૬ સુધી, કુલ ૩૭૩૭૧ ગોડાઉન પ્રોજેક્ટ નવીનીકરણ/બાંધકામ માટે મંજૂર કરવામાં આવેલ છે. વધુમાં, ખાનગી સાહસિક ગેરંટી યોજના (પેગ), હેઠળ ૧૩૪.૮૩ લાખ ટન સંગ્રહ ક્ષમતા નિર્માણ કરવામાં આવેલ છે.

# દિવાળી તથા નવાવર્ષની શુભકામનાઓ

DOI : October - 25, 2016

બુક પોસ્ટ

પ્રતિ શ્રી

મોકલનાર:
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬

Acknowledged the information used/taken from the public domain

Lajja : 02692-233864